## ચિંતન

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*નાલમ્બતે દૈષ્ટિકતાં ન નિષીદતિ પૌરુષે ।*
*શબ્દાર્થૌ સત્કવિરિવ દ્રયં વિદ્વાનપેક્ષતે ॥*

**ઉપરોક્ત શ્લોક શિશુપાલ વધ પ્રકરણમાંથી લેવામાં આવેલ છે.**

**એકલું પ્રારબ્ધ કે એકલો પુરુષાર્થ કશું સિદ્ધ કરી શકતું નથી. બંને સાથે મળે છે ત્યારે જ કાર્ય સિદ્ધ થાય છે, જે રીતે નર્યા શબ્દોથી કાવ્ય બનતું નથી અને કોઈ પણ કાવ્ય શબ્દ વિના પણ બનતું નથી.**

**જે રીતે સારું કાવ્ય એને અનુરુપ શબ્દો વિના રચી શકાતું નથી એ જ રીતે સારા શબ્દો ગોઠવી દેવાથી પણ કાવ્ય બની જતું નથી. નર્યા શબ્દો પછી ભલે સુંદર હોય તો પણ વાસણમાં ખખડતાં કાંકરા જેવા છે. ધ્વનિ પેદા થાય. અર્થ નહિં. બરાબર એ જ રીતે પ્રારબ્ધ અને પુરુષાર્થ ને પરસ્પર જોડે સાંકળી લેવો જોઈએ.**

**પ્રારબ્ધ વિહોણો નર્યો પુરુષાર્થ કશું પ્રાપ્ત કરી શકતો નથી અને પુરુષાર્થને એકબાજુ રાખી દઈને નર્યા પ્રારબ્ધની પ્રશસ્તિ કરીએ તો એનાથી પણ કોઈ સિદ્ધ થતું નથી.**

## સુવિચાર

- જો મંઝીલો કો પાને કી ચાહત રખતે હૈં, વો સમંદર પર ભી પથ્થરો કેં પુલ બના દેતેં હૈ - **ઓશો**
- માણસ પોતે જ પોતાના આનંદનો સર્જક છે, આ આનંદ એ બીજું કંઈ નથી, પણ એક ઉચ્ચ આદર્શ અને સંવાદિતાપૂર્વક જીવાયેલી જિંદગીની સુગંધ છે - **સંત વિલિયમ**
- જીવનમાં ખુશીનો અર્થ લડાઈ ઝઘડા કરવામાં નહીં પણ એનાથી બચવામાં છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચો મિત્ર એ છે કે જે ખબરઅંતર પૂછે છે અને આપણો જવાબ સાંભળવા રોકાય પણ ખરો - **બિલ રોજર્સ**
- પ્રતિકૂળતાની શાળામાં અનુશાસનું શિક્ષણ મળે છે - **ગાંધીજી**
- તારી પાસે વેર છે ને મારી પાસે લહેર છે, તેથી જ દોસ્ત, આપણી વચ્ચે ઘણો ફેર છે - **જય શાહ**
- આજનું ઔષધ : દારુડીના તેલ એક ચમચી નવશેકા પાણી અને ચપટી સિંધવ મીઠા સાથે રોજ સવારે લેવાથી પેટની તકલીફોમાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

મશહૂર શાયર શેખ સાદી નેવું વર્ષના થયા. અરબસ્તાનના સુલતાનને એકવાર એમની મજાક કરવાનું સૂઝ્યું. એમણે શાયરને એક કિંમતી હીરો મોકલ્યો અને સાથે પત્ર લખ્યો. એમાં લખ્યું, 'શાયર સાહેબ. તમે આખી જિંદગી શાયરી લખવામાં વિતાવી, પણ તમને મળ્યું શું ? ગુલ, ગુલશન, બારીશ, બુલબુલ,ની બહેકેલી કલ્પનાઓનો અર્થ શું?' આટલું બધું કરવા છતાં તમે ગરીબ જ રહ્યા ને? આવા શાયર થવાનો શો અર્થ ? આથી તમને જોવા માટે એક કિમતી હીરો મોકલાવું છું. એને બરાબર જોવો અને કહો કે આ હીરાની બરાબરી કરી શકે એવી કોક શાયરી તમારી પાસે છે ખરી ?

શાયરે હીરો જોયો, પત્ર વાંચ્યે, અને પછી જવાબી પત્રમાં લખ્યું, 'સુલતાન, તમને શાયરીની પહેચાન કયાંથી હોય ? મારી શાયરીનો એક-એક શબ્દના હીરાથી મૂલ્યવાન છે. મારા શબ્દો વિખુટાં પડેલાં બે હૃદય વચ્ચે સ્નેહસેતુ બનાવાની તાકાત ધરાવે છે. તમારા હીરામાં આવી કોઈ તાકાત ખરી ? તમારો હીરો ખૂનખરાબાનું કારણ બની શકે છે. મારા શબ્દો ઈશ્વરનાં સિંહાસનને ડોલાવાની ક્ષમતા રાખે છે, જયારે તમારો હીરો ભૂખ્યા માનવીની ભૂખ મિટાવતા એક ચણાની પણ બરાબરી નહીં કરી શકે. મારી શાયરી અનંતકાળ સુધી જિવિત રહે છે, જયારે હીરો કેટલાય માણસોનો કાળ બની જાય છે, માટે આપનો હીરો આપને મુબારક હો.'

સુલતાને ફરી હીરો મોકલ્યો અને લખ્યું, 'આટલી ગરીબીમાં જીવો છો તેને બદલે આ હીરો રાખી લો તો સારું.' શાયરે જવાબમાં લખ્યું 'તમારા હીરા કરતાં મારી ગરીબી સારી છે, હીરાની મારે કોઈ આવશ્યકતા નથી.'

# બુલંદ ઈચ્છાશક્તિના પરિણામો

તંત્રીસ્થાનેથી...

સિત્તેર વર્ષે નર્મદા ડેમ એની સર્વોચ્ચ સપાટીએ પહોંચે છે અને દેશ તથા રાજયના કર્ણધારો એને વડાપ્રધાનના સિત્તેરમા જન્મદિવસ સાથે સાંકળી નમામિ દેવી નર્મદે - ના જયઘોષ સાથે વધારવા કૃતસંકલ્પ છે ત્યારે બદલાયેલા સંજોગોમાં ગુજરાત ભારતનું રાજકીય એપીસેન્ટર બની રહ્યું છે એ કહેવાની જરૂર ખરી ? આપણી નજર સામે 'મોટા' થયેલા નેતાઓ આજે રાષ્ટ્રના સુકાની બની વિશ્વમાં દેશની સૈન્ય શક્તિથી લઈ આર્થિક તાકાતનો ડંકો વગાડી રહ્યા છે. વિકાસદર ઘટ્યો તે સાચું, આર્થિક ક્ષેત્રે મંદીનો માહોલ છે તે પણ કબૂલ - પરંતુ 'હૌસદા બુલંદ હે !' હિંદી દિવસ પર ગૃહપ્રધાન મૂળ જનસંઘનીતિને અનુસરી એને રાષ્ટ્રભાષા તરીકે 'એક દેશ, એક ભાષા'નું સૂત્ર આપવાનું સાહસ કરે છે. સ્વાભાવિક રીતે જ અપેક્ષિત વિરોધવંટોળ ઊઠ્યો છે પરંતુ હાથી તો એની આગવી ગતમાં ચાલતો રહેશે. ગાંધીજીએ તો હિંદી પ્રચારને અનિવાર્ય રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે સ્વીકાર્યો હતો. આજે ગાંધીજી આંશિક રીતે ભારતીય જનતા પાર્ટી માટે પણ પ્રસ્તુત રહ્યા હોય તો તે આવા રચનાત્મક કાર્યક્રમોને કારણે. સ્વચ્છતા ઝુંબેશ અને જળસંચય - નળથી જળ જેવા કાર્યક્રમોમાં ગાંધી જ પ્રતિબિંબિત થતા વરતાશે. ગૌરક્ષાની ગાંધી હિમાયતનો મોદી સરકાર જ અમલ કરાવી શકે, કોંગ્રેસનું એ ગજું નહીં. પરંતુ મોદી રાજમાં ગાંધીના નામની જ કૉલેજના પરિસરમાં એમની આદમકદ પ્રતિમાનું ડોકું ઉડાવી દેવાય છે - એની પણ દુ:ખદ નોંધ લેવી જ રહી. કોંગ્રેસના ધાક ખાઈ ગયેલા નેતાઓ ઉત્તરપ્રદેશના નગરમાં બનેલી આ ઘટનાને વટાવી ખાવા સક્રિય બન્યા છે. પ્રિયંકા ગાંધી જાણે ગાંધીજીનાં પ્રપૌત્રી હોય એમ બુલંદ સ્વરે નિવેદન આપે છે. ગાંધી વિચારને એ ગાંધી પરિવારે કેટલો પચાવ્યો એના પર રિસર્ચ કરવાની જરૂર છે.

ગાંધી વિચારમાં ધર્મ કરતાં આચરણ પર ભાર મુકાતો રહ્યો છે. એનો નખશિખ અમલ કરનારા જૂજ રાષ્ટ્રીય નેતાઓમાં સરદાર પટેલ અને લાલબહાદુર શાસ્ત્રીનાં નામો ઉડીને આંખે વળગે. મૂળે સરકાર પટેલ યુરોપિયન સંસ્કારોવાળા સફળ બેરિસ્ટર હતા. આજનું નેતૃત્વ દેશનું બહુમતિ પ્રતિનિધિત્વ કરે છે. દ્દષ્ટિ છે, શક્તિ છે, સમર્થન છે, સંવાદ છે અને સમર્થ છે. વિકાસ અને કલ્યાણના માર્ગો પર મક્કમતાથી દેશને લઈ જવા પ્રતિબદ્ધતા છે. હવે નાના-મોટા વ્યક્તિગત મુદ્દાઓને કોરાણે મુકી દેશહિત અને પ્રજાહિતને સર્વોચ્ચ અગ્રતા આપીએ - ભારતને મહાશક્તિશાળી દેશ બનાવીએ.

# પોલીસ કમ્પલેઈન ઓથોરીટી (પીસીએ) ની જાણકારી

## પોલીસ પ્રજાની મિત્ર છે, દુશ્મન નથી તે સૂત્ર દરેકે યાદ રાખવું જોઈએ

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

વર્ષ ૨૦૦૬ માં પ્રકાશસિંહ વિરૂધ્ધ ભારત સરકારના કેસમાં સુપ્રિમ કોર્ટે દરેક રાજયોને પોતાના પોલીસ તંત્રના માળખાકિય ફેરફારો કરવાનો આદેશ કર્યો જે અંતર્ગત દરેક રાજયમાં એક પોલીસ કમ્પલેઈન ઓથોરીટી જીલ્લા તથા રાજય કક્ષાએ ઉભી કરવાનો આદેશ આપવામાં આવેલ. પ્રજાની પોલીસ વિરૂધ્ધની વિશાળ ફરીયાદોનો સ્થાનિક કક્ષાએ અલગથી જ એક વ્યવસ્થા ઉભી કરી નિકાલ કરવામાં આવે.

રાજય કક્ષાની પોલીસ કમ્પલેઈન ઓથોરીટી ડી.વાય.એસ.પી. કક્ષાના નિવૃત્ત અધિકારી તેમજ નિવૃત્ત સનદી અધિકારી તેમની કામગીરી સંભાળે છે. સામાન્ય રીતે તમામને પોલીસના કડવા અનુભવો થતા હોય છે. પોલીસ સ્ટેશનમાં વ્યવસ્થિત જવાબ ના આપવો ખોટા ધક્કા ખવડાવવા અયોગ્ય અને ઉદ્દત વર્તન કરવું. અત્યાચાર કરવો વિગેરે ઘટનાઓનું પ્રમાણ વધતું જાય છે. કાયદાના સત્તાને લીધે પોલીસના ડરના કારણે લોકો પોલીસ વિરૂધ્ધ ફરીયાદ કરતા નથી આ માટે પી.સી.એ. ની રચના કરવામાં આવી છે.

પોલીસ સ્ટેશનની ઓથોરીટી સમક્ષ પોલીસ કસ્ટડીમાં મોત નિપજાવવા માટે આઈ.પી.સી. કલમ ૩૨૦ માં જણાવ્યા મુજબની કોઈ ગંભીર ઈજા કરવામાં આવે કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર ગેરકાયદેસર ધરપકડ કે ડિટેઈન કરવામાં આવે પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે નાણા માંગવામાં આવે, જમીન અથવા મકાનનો કબજો પડાવી લેવામાં આવે, ઉપરી અધિકારીઓ દ્વારા નીચેના વર્ગના કર્મચારીઓને ત્રાસ આપવામાં આવે. પોલીસ દ્વારા સત્તાનો દુરઉપયોગ કરવામાં આવ્યો હોય ત્યારે ભોગ બનનાર પોતે અથવા તેના વતી કોઈપણ વ્યક્તિ અથવા રાજય/રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અથવા પોલીસને જ ઉપરી પોલીસ વિરૂધ્ધ કોઈ ફરીયાદ હોય તેવા પોલીસ કર્મચારી અથવા કોઈપણ સ્ત્રોત દ્વારા ફરીયાદ કરી શકે છે.

પી.સી.એ. સમક્ષ કોઈપણ વ્યક્તિ પોલીસ વિરૂધ્ધમાં તેમજ પોલીસ પોતે પોલીસ અધિકારીના વિરૂધ્ધમાં ફરીયાદ લખાવી શકે છે. ફરીયાદી અથવા તેના વતી વ્યક્તિનું નામ, સરનામું, સહિત ભોગ બનનારની હક્કિતની એક સાદી યાદી લખી પી.સી.એ. ને આપવાની હોય છે જેમાં શું ઘટના બની હતી તેની વિગત, કઈ તારીખે, સમયે બની હતી તેની વિગત કોના વિરૂધ્ધ ફરીયાદ છે તેની વિગત, ઘટનામાં શું કહેવામાં આવ્યું અને કરવામાં આવ્યું તેની વિગતો લખવાની હોય છે. ઘટના સમયે કોણ કોણ વ્યક્તિ હાજર હતી જેમણે ઘટના જોઈ હતી તેમના હોદ્દા, નામની વિગત જો કોઈ આર્થીક નુકશાન થયું હોય, શારિરીક નુકશાન થયું હોય તો તેની વિગત, ઘટનાને લગતા ફોટો, વિડીયો પણ જોડવા જો ઈજા થઈ હોય અને સારવાર લીધી હોય તો મેડિકલ સર્ટી જોડવું, પોલીસ સ્ટેશન ડાયરીનો પુરાવો આ ઉપરોકત તમામ બાબતોની એક ઝેરોક્ષ કોપી ફરીયાદ સાથે બિડાણ કરીને પોસ્ટ દ્વારા ઈમેઈલ દ્વારા કે રૂબરૂમાં જઈને ફરીયાદ કરી શકાય છે.

કાયદાથી ઉપર કોઈ જ નથી દરેકને સમાન હક્કો અને તકો બંધારણ દ્વારા આપવામાં આવી છે. ફરજનું ચુક કરનાર સામે પગલા ભરવા જોઈએ. કાયદાકિય બાબતોથી આમ નાગરિકોને જાગૃત થવાની જરૂર છે. પોલીસ પ્રજાના રક્ષણ માટે છે ભક્ષણ માટ નથી,ન્યાય મેળવવાની જાણકારી અને તેનો ઉપયોગ કરી અત્યાચાર થતો અટકાવી શકાય છે. કાયદાથી કોઈ પર નથી.

કોઈ પોલીસ તમને ખોટી રીતે હેરાન પરેશાન કરે તો પી.સી.એ. સમક્ષ સીધી ફરીયાદ કરી ન્યાય મેળવી શકા છે. પોલીસ દ્વારા લાંચ માંગવામાં આવે તો તેવા કિસ્સામાં એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કરી રેડ કરાવી લાંચ લેનારને છટકુ ગોઠવી પકડાવી શકાય છે. લાંચ લેનાર અધિકારી સામે એન્ટી કરપ્શન એકટ પ્રમાણે એફ. આર.આઈ. નોંધી પગલા ભરવામાં આવે છે પરંતુ પોલીસના ડરના કારણે સમાજના આમ લોકો ફરીયાદ કરવાનું ટાળે છે તથા પોલીસ વિરૂધ્ધ ફરીયાદ કરતા ડરે છે પરંતુ હવે પોલીસ વિરૂધ્ધની ફરીયાદ કરવા માટે પોલીસ કમ્પલેઈન ઓથોરીટીની રાજય તથા જીલ્લા સ્તરે રચના કરવામાં આવેલ હોય પોલીસથી અત્યાચાર પામેલ ભોગ બનનાર વ્યક્તિ સીધા ઈમેલ દ્વારા પણ પોલીસ અધિકારી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી ન્યાય મેળવી શકે છે. ન્યાય મેળવવો એ દરેકનો બંધારણીય હક્ક છે તેમાં કોઈ વ્યક્તિ અવરોધ રૂપ ના બની શકે.

પ્રકાશસિંહ વિરૂધ્ધ ભારત સરકારના કેસના ચુકાદા મુજબ દરેક રાજયની પોલીસને પી.સી.એ. ની રચના કરવા ભારત સરકારે ગાઈડલાઈન આપેલ છે તેમજ પોલીસ વિભાગમાં માળખાકિય ફેરફારો કરવાનો તંત્રને આદેશ કર્યો છે. કેટલાક જીલ્લામાં પોલીસ મિત્રની યોજના પણ અમલમાં છે આમ નાગરિક, સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને એન.જી.ઓ. ના કાર્યકરતાને પોલીસ મિત્ર બનાવી સમાજમાંથી પોલીસનો ભય, હાઉ દૂર કરવા માટે માનવીય કૃત્ય દ્વારા પ્રયત્ન કરવામા આવે છે. પોલીસ પ્રજાની મિત્ર છે, દુશ્મન નથી તે સુત્ર દરેકે યાદ રાખવું જોઈએ.

# આપણી માનસિકતા બદલાય એ માટે પ્રયત્નશીલ બનવું ખૂબ આવશ્યક

'અંતરની સંપત્તિ આપણે ખોઈ બેઠા છીએ, એટલે આપણે લજ્જાથી નીચા નમી ગયા છીએ; આજે ધ્યાનબળ રહ્યું નથી, કેવળ જપમાત્ર છે : કેવળ અર્થહીન આચાર શુચિત્વ ગણાય છે.'

**- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)**

ધર્મ અને ધાર્મિક માન્યતાઓ વિશે દરેકના અલગ અલગ મંતવ્ય હોઈ શકે છે. આપણા આ દેઓશમાં આપણને ધર્મ અંગે વિચારવાનો અને ઈચ્છિત ધર્મ સ્વીકારવાનો હક પ્રાપ્ત થયેલ છે અને ગાંધીજીએ આપણને એ બાબતની યાદ પણ કરાવી કે હિંદુઓ પોતાની પરંપરાગત સર્વધર્મ સમભાવનાવાળી સંસ્કૃતિનું પાલન કરે એ જ યોગ્ય છે. પણ સાચા અર્થમાં માનવધર્મથી વિશેષ કોઈ ધર્મ ન હોઈ શકે એ આપણે સૌ માનીએ કે ન માનીએ જાણીએ તો છીએ જ ! શ્રી 'ચિત્રભાનુ' મહારાજની રચનામાં ધર્મ અને ધાર્મિક બાબત અને માન્યતા વિષે જે લખાયું છે તે સચોટ લાગે છે કે;

**"દીન, ક્રૂર ને ધર્મવિહોણાં દેખી દિલમાં દર્દ વહે**
**અને**
**ધર્મસ્થાનકની ધર્મભાવના હૈયે સૌ માનવ લાવે**
**વેરઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાવે..."**

આપણે ત્યાં અસત્ય, અનાચાર, દુરાચાર વગેરે આચરનારાઓ સ્વાર્થી માણસો એકબીજા સાથે હળીમળીને કામ કરી શકે છે; એકબીજા પર મુશ્કેલી આવી પડે તો બચાવી લેવા બધા માર્ગો અજમાવી શકે છે. પણ સાધુવૃત્તિના, શુદ્ધ જીવન ગાળનારા ચાર માણસો સારું કામ કરવા માટે તેમ ભળી શકતા નથી. બધા સમૂહ સાથે મળીને કામ કરે એ માટેનો પુરુષાર્થ, ત્યાગ, સહનશીલતા અને નિરહંકારતાની તેમનામાં ઉણપ હોય છે. આ નબળાઈ અને કાયરતા સજ્જનોમાંથી દૂર નહીં થાય ત્યાં સુધી સત્ય, અહિંસા, જેવા મહાન ગુણો શક્તિરુપ થવાને બદલે તેના આચરનારને પડકારરૂપ થઈ શખે છે. 'અભિપ્રેત' નોંધે છે કે,

'પુણે નજીક એક વિમાન તૂટી પડ્યું, તેમાં માર્યા ગયેલાઓનાં શબ ગીચ જંગલમાં વેરણછેરણ પડ્યા હતા. એ મૃતદેહો પરતી કીમતી ચીજો, દરદાગીનાને કપડાં સુદ્ધાંની ચોરી થઈ ગઈ. પટણા નજીક રેલવે હોનારત થઈ પછી તુરત મૃતદેહો પરથી અને ભંગારમાંથી લૂંટાલૂંટ કરીને કેટલાક માણસો ભાગી ગયેલા.'

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

શબોને પણ ન છોડ્યા ! જયારે મદદ માટે દોડી જવું જોઈએ, ત્યારે પણ માણસને પૈસા ને માલમિલકત જ સાંભર્યા ! આ હકીકત સમાજ સામે પ્રશ્નાર્થ ચિહ્નરૂપ નથી? માણસની માનવતાનો પારો આટલો બધો નીચો ઊતરી ગયો, તે માટે જવાબદાર કોણ ? આવી પરિસ્થિતિ પેદા જ કેમ થઈ ?

જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી; આજે લાખો-કરોડો વંચિત રહે છે એન જેમને એ પ્રાપ્ત છે તે પણ ભૌતિક ચક્રવ્યૂહમાં કેવા ફસાયા છે! ખાવાપીવા અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાંથી ઘડીની ફુરસદ મળતી નથી. માલમિલકતની વહેંચણી માટે આજે સમાજમાં કેટલા ઝઘડા થાય છે! મનોરંજન માટે કલાના હાટ મંડાયા છે, ત્યાંથી શાંતિ કે સુખની ભ્રાંતિ મેળવી ફરી પાછો માણસ આ ચકડોળમાં હેલે ચડે છે. ન એને જીવન વિશે વિચારવાની ફુરસદ છે, ન માનવતાનાં વિકાસ માટે માલમિલ્કતનું મૂલ્ય વધુ અંકાય છે, સમાજમાં જે અસમાનતા પ્રવર્તે છે તે પેલીના જેવી જ એક લૂંટાલૂંટનું પરિણામ નથી શું ? ફરક માત્ર એટલો જ કે આ લૂંટાલૂંટ સમાજમાન્ય છે. આપણી અને પેલા લૂંટારાઓની વચ્ચે જે ભેદ છે તે માત્રાનો છે, પ્રકારનો નહીં.'

આપણી માનસિકતા બદલાય એ માટે પ્રયત્નશીલ બનવું ખૂબ આવશ્યક છે. તેમ જ મનુભાઈ પંચોળી જેને મનુષ્યજીવનનાં બે ચરમ ગિરિશિખરો ગણાવ્યા છે તે નિર્વ્યાજ પ્રેમ અને નિરભ્ર બુદ્ધિને આપણે જીવનમાં અપનાવી શકીએ. તો એક વધુ ઉજળો સમાજ સ્થાપી શકીશું. નિર્વ્યાજ પ્રેમ એટલે આપણી આસપાસ રહેતા તમામને એક સમાન પ્રેમભાવથી જોવા અને નિરભ્ર બુદ્ધિ એટલે જે કંઈ ખરાબ છે તેને પણ સમતોલ રહીને જેટલું ખરાબ હોય તેટલું જ ખરાબ કહેવું, તલભાર પણ વધુ નહિ અને સારું હોય તેને માટે આદરભાવ રાખવો અને આમ આપણને સારાની કદર કરવાની અને કોઈના પ્રત્યે દ્વેષ કે વેર ન કરવાની ટેવ પડતી જશે.

**Last Seen :**

સ્વાર્થીપણું આત્માનું ખૂન કરે છે, પણ તારું પરોપકારપણું બીજાઓની અંદર રહેલા આત્માનો વિનાશ ન કરે, તે તું સંભાળજે !

- nehalgadhavi101@gmail.com

# યેનકેન પ્રકારેણ 'ગૉડ્સ ઓન કન્ટ્રી' પર ભાજપનો સત્તાધ્વજ રોપવાના વ્યૂહ

કેરળ નવાજૂનીનો પ્રદેશ બની રહ્યો છે: ભાજપના ભારે ઉધામા છતાં કેરળ હજુ માર્ક્સવાદીઓનો અભેદ કિલ્લો રહ્યો છે અને સરકાર પણ માર્ક્સવાદી મોરચાની છે. દેશમાં સૌથી વધુ શિક્ષિત (૯૪%) એવા ૩.૩૪ કરોડની કુલ વસ્તીમાં ૫૪.૭૩% હિંદુ, ૨૬.૫૬% મુસ્લિમ અને ૧૮.૩૮% ખ્રિસ્તી વસ્તી ધરાવતા બટુક રાજ્ય કેરળમાં હમણાં નવતર પ્રયોગ થયો છે: અગાઉ બહુચર્ચિત શાહબાનુ પ્રકરણમાં વડાપ્રધાન રાજીવ ગાંધીએ એમના વિશ્વાસુ પત્રકારમાંથી પાછળથી કૉંગ્રેસના સાંસદ બનેલા એમ.જે.અકબરના રવાડે ચડીને સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ઉલટાવી નાંખ્યો ત્યારે એમની સરકારમાંથી રાજીનામું આપી દેનારા બાહોશ મંત્રી આરીફ મોહમ્મદ ખાનને હમણાં કેરળના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૪થી એ જ અકબર ભાજપમાં જોડાયા એટલું જ નહીં, પક્ષના પ્રવક્તા, સાંસદ અને "મી ટૂ"કાંડમાં સપડાયા ત્યાં લગી મોદી સરકારમાં વિદેશ રાજ્યમંત્રી પણ રહ્યા. રાજીવની કૉંગ્રેસમાંથી છૂટા થઈને આરીફભાઈ વી.પી.સિંહના જનતાદળમાં જોડાયા હતા. વી.પી.ની અલ્પજીવી સરકારમાં મંત્રી પણ રહ્યા. જોકે એ વચ્ચે માયાવતીની બહુજન સમાજ પાર્ટી અને ભાજપમાં પણ આંટો મારી આવ્યા હતા. એમણે અમને જણાવ્યું હતું એ મુજબ, વડાપ્રધાન મોદી તેમને મંત્રીપદના શપથ લેવડાવવા આતુર હતા,પણ હવેનો ભાજપ એ અટલજીનો ભાજપ નહીં હોવાથી એમણે સવિનય ટાળ્યું હતું. જોકે ટ્રિપલ તલાક અને ૩૭૦ અંગેના નરેન્દ્ર મોદી-અમિત શાહ સરકારના નિર્ણયથી પ્રભાવિત ખાનને તિરુઅનંતપુરમના રાજભવન જવાનું તેડું આવ્યું અને એમણે સ્વીકારી લીધું. ઈશાન ભારતનાં બટુક રાજ્યો સહિતનાં દેશનાં મોટાભાગનાં રાજ્યોને પોતાની છત્રછાયામાં લાવવામાં સફળ રહેલી મોદી-શાહની જોડીનો એજન્ડા કેરળની ગાદીએ ભાજપના મુખ્યમંત્રીને બેસાડવાનો છે. આરીફભાઈની સૅક્યુલર છબી કેરળમાં ભાજપનો સત્તામાર્ગ મોકળો કરી આપે એવી ગણતરી છે.

કેરળમાં પછડાટનું ઝનૂન

ગૌરીઅમ્મા જેવાં જૂનાં માર્ક્સવાદી નેતાને પણ ભાજપી મોરચામાં જોડ્યા પછી પણ સત્તા ના મળ્યાથી ખિન્ન ભાજપી નેતાગીરી કેરળમાં નવાજૂની કરવા કંઈ પણ કરવા તૈયાર છે. એમાંય કેરળ ભણેલુંગણેલું હોવાની સાથે જ માર્ક્સવાદી સહિતનામાં ધાર્મિક આસ્થાઓનાં જે બીજ પડ્યાં છે. એ જોતાં શબરીમાલા અંગેના સર્વોચ્ચ અદાલતના બહુમતી ચુકાદાનો વિરોધ કરવા સુધી જઈને પણ ભાજપ-સંઘ લોકોની ધાર્મિક આસ્થાને મતમાં ફેરવવા માંગે છે. ગઈ ચૂંટણીમાં નિષ્ફળ રહ્યા છતાં એ પરાજયને સ્વીકારવા તૈયાર નથી. એ કોઈપણ ખેલો કરીને પણ "ગૉડ્સ ઓન કન્ટ્રી કે લેન્ડ"માં પોતાનો સત્તાધ્વજ રોપવા આતુર છે. ભાજપે કેરળમાં ભારત ધર્મ જન સેના તથા કેરળ કૉંગ્રેસ (પીસી થોમસ) સાથે મળીને લોકસભા ચૂંટણી પણ લડી છતાં કૉંગ્રેસના રાહુલ ગાંધી વાયનાડમાંથી વિજયી થયા એટલું જ નહીં, કુલ ૨૦ બેઠકોમાંથી ૧૯ પર કૉંગ્રેસી મોરચાનો વિજય થયો. એક ડાબેરી માર્ક્સવાદીને મળી અને ભાજપનું તો ખાતું ખૂલ્યું નહીં. આ પરાજય કેન્દ્રમાં સત્તા ફરીવાર ભારે બહુમતી સાથે મેળવનાર અને દેશનાં મોટાભાગનાં રાજ્યોને પોતાના મોરચા હેઠળ આણનાર ભાજપને કઠે એ સ્વાભાવિક છે. એટલે જે પાણીએ મગ ચડે એ કવાયત આદરવામાં આવી છે. કેરળમાં માર્ક્સવાદીઓ અને સંઘ પરિવાર વચ્ચે હિંસક અથડામણો અને વેરની વસૂલાતોની પરંપરા અહીં દાયકાઓથી ચાલી આવે છે. શબરીમાલા પ્રકરણમાં દેશની સર્વોચ્ચ અદાલતે આપેલા મહિલાઓને ન્યાય તોળતા ચૂકાદાની ઘોર અવગણના કરીને પણ સંઘ-ભાજપ થકી ધાર્મિક ભાવનાને મતમાં ફેરવવાના ઘણા પ્રયાસ થયા છતાં છેલ્લી લોકસભાની ચૂંટણીમાં તમિળનાડુની જેમજ કેરળમાં પણ ભાજપને એકપણ બેઠક ના મળી એટલે હવે યેનકેન પ્રકારેણ અહીં રાજ્ય સરકાર બનાવવા ભાજપી મોરચો કૃતસંકલ્પ છે. આઝાદીના સાત દાયકાની મથામણ પછી પણ મે ૨૦૧૬ની છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ૧૪૦માંથી માંડ એક બેઠક સાથે કેરળમાં ભાજપનું ખાતું ખુલ્યું છે એટલે હવે મે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી લગી તો પક્ષપલટાના પારસમણિ સહિતની અનેક કવાયતો આદરીને પણ કેરળમાં કમળ ખીલવવાની મહેચ્છા દિલ્હીશ્વરની ખરી.

- **મોદી સરકારમાં મંત્રી થવાનું નકારનાર આરીફ મોહમ્મદ ખાને તિરુઅનંતપુરમના રાજભવનને વહાલું કર્યું**
- **નરેન્દ્ર મોદી-અમિત શાહની જોડીનો સ્પષ્ટ એજન્ડા કેરળની ગાદીએ ભાજપના મુખ્યમંત્રીને બેસાડવાનો જ**
- **"રામાયણને બાળનારા" સીપીએમવાળા રામાયણના મહિનાનો ઉત્સવ મનાવે એમાં તો તેમનાં બેવડાં ધોરણ**
- **ડાંગેના મતે માર્ક્સનું દ્વંદ્વવાદ(ડાયલેક્ટિક્સ)નું શાસ્ત્ર અને વિશ્વને જોવાનો દ્રષ્ટિકોણ એ સંપૂર્ણપણે ભારતીય**

રામાયણલેખનની સમાપ્તિ

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

મલયાલી કેલેન્ડરનો છેલ્લો મહિનો એટલે "કરકીડકમ" અર્થાત રામાયણનો મહિનો. માન્યતા એવી છે કે વાલ્મીકિએ આ મહિનામાં રામાયણનું લેખન પૂરું કર્યું એટલે કેરળમાં ૧૭ જુલાઈથી ૧૬ ઓગસ્ટ દરમિયાન ઘરઘરમાં કે જાહેર સમારંભોમાં રામાયણના મહિમાના પાઠ(કીર્તનમ્) થાય છે. આપણી ગુજરાતી ભાષામાં ૬૦થી ૭૦% શબ્દો અરબી-ફારસીના છે. એનાથી વિપરીત કેરળની રાજભાષા મલયાલમ ભરપટ્ટે (૬૦% કરતાં વધુ) સંસ્કૃત શબ્દો ધરાવે છે. પશ્ચિમ ઘાટ અને અરબી સમુદ્ર વચ્ચે આવેલા મલા + આલમ એટલે કે પહાડી અને સમુંદરના સ્થળ વિશે દેશ અને દુનિયા ગૌરવ લઈ શકે છે. સામાન્ય રીતે કોમી સૌહાર્દ માટે જાણીતી શંકરાચાર્યની આ ભોમકા પરાપૂર્વથી ગ્રીક, રોમન, આરબ, ચીના, પોર્ટુગીઝ, ડચ, ફ્રેંચ, બ્રિટિશ સાથે વેપાર અને સાંસ્કૃતિક સંબંધોથી જોડાયેલી રહી હોવાથી "આનો ભદ્રા ક્રતવો યન્તુ વિશ્વત:" (દશેય અથવા દરેક દિશાઓમાંથી અમને સારા વિચારો પ્રાપ્ત થાઓ)નો લાભ એને મળ્યો છે. અત્યારે રાજકીય દ્રષ્ટિએ આ બટુક રાજ્યમાં રામાયણને લઈને રમખાણ મચ્યું છે : ધર્મને અફીણ ગણાવનારા માર્ક્સવાદીઓ કેરળમાં શાસન કરવાની સાથે જ પ્રજાના તહેવારો મનાવે અને રામાયણના કીર્તન કાર્યક્રમો કે પરિસંવાદો યોજે ત્યારે એને હિંદુ ધર્મની પોતાની ઈજારાશાહી લેખાતા અને દાયકાઓથી અહીંની રાજકીય ભૂમિ પર પગદંડો જમાવવામાં નિષ્ફળ નીવડેલાઓ "બેવડાં ધોરણ"ની ગાજવીજ કરે છે.

સીપીએમ અને સંસ્કૃત સંઘમ્

કેરળ વિધાનસભામાં પહેલીવાર ચૂંટાઈ આવનાર માર્કસવાદી સામ્યવાદી પક્ષ (સીપીઆઈ-એમ)ની યુવા ધારાસભ્ય યુ. પ્રતિભા હરિનો નીલવિલક્કુ (પરંપરાગત દીપ) સામે બેસીને "અધ્યાત્મ રામાયણ"ના પાઠનું કીર્તન કરતો વીડિયો ૧૮ જુલાઈ ૨૦૧૮ના રોજ ફેસબુક પર મૂકાયો અને અનેકોએ એને શેર કર્યો કે ધમાલ મચી. એના થોડા દિવસ પહેલાં જ કેરળના દેવસ્થાનમ્ બાબતોના મંત્રી કડકમ્પલ્લી સુરેન્દ્રને પ્રસિદ્ધ ગુરુવાયુર (કૃષ્ણ) મંદિરમાં પૂજા કરાવી એ વિશે પક્ષ તરફથી એમનો ખુલાસો માંગવામાં આવ્યા હતો. પક્ષ સાથે સંકળાયેલા સંસ્કૃત સંઘમના ઉપક્રમે રાજ્યભરમાં રામાયણ પરના કાર્યક્રમો યોજાય અને સીપીએમની યુવા ધારાસભ્ય રામાયણનો પાઠ કરે તો વિવાદ જાગવો સ્વાભાવિક છે. જોકે રાજ્યના સીપીએમના મંત્રી કોડિયારી બાલકૃષ્ણને સ્પષ્ટ કર્યું કે સંસ્કૃત સંઘમ સ્વતંત્ર સંસ્થા છે અને એનું સીપીએમ સાથે જોડાણ નથી. કેટલાક માર્ક્સવાદી મંત્રીઓ પણ એના કાર્યક્રમોમાં હાજરી આપી વિવાદને વકરાવે નહીં એટલે સત્તારૂઢ પક્ષે આ સ્પષ્ટતા કરી. થોડા વખત પહેલાં કૃષ્ણ જયંતીના તહેવારનાં આયોજન પણ માર્ક્સવાદી પક્ષ પરિવારની મનાતી સંસ્થાઓ થકી થયાં હતાં.એટલે કેરળ ભાજપના નેતા પી.એસ.શ્રીધરન પિલ્લાઈએ પોતાના પક્ષની હિંદુ આસ્થાની દુહાઈ દેતાં "ક્યારેક રામાયણને બાળનારા" સીપીએમવાળા રામાયણના મહિનાનો ઉત્સવ મનાવે એને તેમનાં બેવડાં ધોરણ ગણાવ્યાં.

'ગૉડ્સ ઓન કન્ટ્રી'નું સૂત્ર

આપણે ત્યાં ઘણું બધું લોલેલોલ ચલાવવામાં આવે છે. અધૂરા સંદર્ભો સાથે વાતને રજૂ કરીને શેક્સપીયરના નામે "નામમાં તો શું બાળ્યું છે" એવાં ઉભડક કથનોને પ્રચલિત કરવામાં આવે છે. હકીકતમાં માર્ક્સવાદીઓને સાવ જ ધર્મ વિમુખ કે ભગવાનના વિચારની વિરુદ્ધના નાસ્તિક ગણાવાય

અનુસંધાન પાના નં ૭ પર